# અક્રમ યુથ



# ઈર્ષા

દાદા ભગવાન પરિવાર

જાન્યુઆરી-ફેબ્રુઆરી ૨૦૨૫




# સંપાદકીય

ઈર્ષા એટલે અ-દેખાઈ, બીજાની ચડતી ના દેખી શકવાનો રોગ. ઈર્ષા જન્મે છે સ્પર્ધા અને કમ્પેરિઝનમાંથી. નાનપણમાં રમકડાં અને ગેમ્સ માટે, કપડાં માટે, મોટા થઈને ભણવામાં, પૈસા કમાવામાં, સમાજમાં સ્ટેટસ માટે કમ્પેરિઝન થયા કરતી હોય છે. આ કમ્પેરિઝન આગળ વધે ત્યારે તેમાંથી ઈર્ષા જન્મે છે.

બીજા પાસે પોતાનાથી વધારે કંઈક હોય, બીજા આપણાથી વધારે ખુશ હોય તે સહન ના થવું એટલે ઈર્ષા. પછી એ આપણાથી પાછળ પડે, ફેઈલ થાય, તો પોતાને અંદરખાને પાશવી આનંદ થાય. ઘણીવાર બહાર એ વ્યક્તિ સાથે સારું વર્તન હોય, પણ પાછલા બારણે એવા પ્રયત્નો થતા હોય કે સામો પોતાનાથી આગળ ના નીકળી શકે. જ્યાં જોઈએ ત્યાં આવી કૂટનીતિ ચાલ્યા જ કરતી હોય છે. પણ એ નથી સમજાતું કે ઈર્ષા કરવાથી સામાનું નહીં, પોતાનું જ ભયંકર નુકસાન થાય છે.

આ અંકમાં આજના યુવાનોને ઈર્ષા કઈ રીતે કામ કરે છે, અને એમાંથી કઈ રીતે બહાર નીકળી શકાય તેની સમજણ મળશે તેવી ભાવના સાથે,

- ડિમ્પલભાઈ મહેતા



# ક્રેબ મેન્ટાલિટી



એક વખત એક માછીમાર
દરિયામાંથી જીવતા કરચલા
પકડીને ડોલમાં ભરતો હતો.



ત્યાંથી એક માણસ પસાર થયો.
એણે માછીમારને પૂછ્યું, "આ
ડોલ ખુલ્લી કેમ રાખી છે ?
કરચલા જીવતા છે, બહાર
નીકળી જશે."



માછીમારે કોન્ફિડન્સ સાથે કહ્યું, "ચિંતા ના કરો. ડોલમાં એક કરચલો હોત તો નીકળી જાય, પણ એકથી વધારે કરચલા છે. એટલે ચિંતા કરવાની જરૂર નથી."



"એવું કેમ ?" પેલા માણસે પૂછ્યું.
"તું જાતે જ જોઈ લે." માછીમારે કહ્યું.

**મિત્રો, પેલા માણસે પછી શું જોયું હશે ?**
**એને એના સવાલનો જવાબ મળ્યો હશે ?**
**વાંચતા રહો અમારી સાથે,**
**તમને આ મેગેઝિનમાં જ ક્યાંક આનો જવાબ મળી જશે.**



# લંચબોક્સ



સ્કૂલની રિસેસનો બેલ વાગ્યો. કાવ્યા અને ખુશ્બૂ દોડીને સ્કૂલના મેદાનમાં લીમડાના ઝાડ નીચે નાસ્તો કરવા બેઠા

"કાવ્યા, આજે તારો ફેવરિટ નાસ્તો મમ્મીએ પેક કર્યો છે... ભેળનો સામાન... ચલ બધું મિક્સ કરીને બનાવીએ..."

ખુશ્બૂએ લંચબોક્સ ખોલીને કાવ્યાને બતાવ્યું. પણ કાવ્યા વિચારોમાં ગુમ હતી.

"કાવ્યા... ક્યાં ખોવાઈ ગઈ ? તું ઠીક તો છે ને ?" ખુશ્બૂએ એને હલાવીને પૂછ્યું.

કાવ્યા ચમકીને જાગી. "હા, હા હું ઓકે છું."

"તું સવારના ડ્રોઈંગ ક્લાસના રિઝલ્ટ વિશે વિચારે છે ને ?" ખુશ્બૂએ કાવ્યાના ચહેરાનો ઊડી ગયેલો રંગ જોઈને કહ્યું. કાવ્યા કંઈ બોલે એ પહેલા બાજુમાંથી રીતુ પસાર થઈ.

"હાય કાવ્યા !" કહીને રીતુએ મોટી સ્માઈલ સાથે કાવ્યા સામે હાથ લંબાવ્યો.

"હ...હાય" કાવ્યાએ ખોટું સ્મિત આપીને હાથ તો મિલાવ્યો પણ તરત પાછો ખેંચી લીધો. રીતુ એના હાથમાં કશુંક લઈને આવી હતી પણ કાવ્યાનો ઠંડો રિસ્પોન્સ જોઈને ત્યાંથી જતી રહી.

કાવ્યા અને ખુશ્બૂ લંચબોક્સ ખોલીને ભેળ બનાવવા બેઠા.

"મોટી શહેરની સ્કૂલમાંથી આવી છે તે એટિટ્યૂડ તો જો ! હાય કાવ્યા... હં !" રીતુના ચાળા પાડતા કાવ્યા બોલી.

"હા યાર... કાવ્યા સાચું કહું તો મને એના કરતા તારું ડ્રોઈંગ વધારે સારું લાગ્યું હતું. ખબર નહીં સરે કેમ એને ફર્સ્ટ પ્રાઈઝ આપ્યું ?" કહીને ખુશ્બૂએ સેવ-મમરામાં મરચું-મીઠું ભભરાવ્યું.

"તો શું ? સવારે પ્રાઈઝ મળ્યું ત્યારે એને જોઈ હતી ? જાણે મિસ ઈન્ડિયાનો તાજ મળ્યો હોય એટલા ગુમાનમાં હતી !" કહીને કાવ્યાએ ભેળમાં મરચા કાપીને નાખ્યા.

"છોડ ને... એનો આ એટિટ્યૂડ બહુ લાંબો નહીં ટકે. આજે નહીં તો કાલે તું એને હરાવી જ દઈશ." કહીને ખુશ્બૂએ ભેળમાં ચટણી રેડી.

"હા... એનો ઘમંડ તો હું તોડીને જ રહીશ. આવવા દે એક્ઝામ, જોઉં છું એ કેવી રીતે આગળ નીકળે છે !" બોલતા બોલતા કાવ્યાએ ભેળમાં છેલ્લે લીંબુ નીચોવ્યું, અને એના ચહેરાનો રંગ લાલ થઈ ગયો.

એટલામાં નાસ્તાની સુગંધથી એક ખિસકોલી ત્યાં આવી ચડી. ખુશ્બૂએ ઝીણી ચીસ પાડી, અને કાવ્યાએ તરત ઢાંકણથી ખિસકોલીને એટલો જોરથી ધક્કો માર્યો કે ખિસકોલી દૂર હડસેલાઈ ગઈ.

"વોટ્સ રોંગ વિથ યુ કાવ્યા ? તું તો કીડી પણ ડૂબતી હોય તો બચાવવા પાંદડું નાખે ને આજે આ ખિસકોલીને આમ ખસેડી ?"

"ખસેડું નહીં તો શું કરું ? 'મારો નાસ્તો' લઈ જતી'તી એ !" કાવ્યાનો ચહેરો હજુ પણ લાલ જ હતો.

"થોડું એની સાથે શેર કરી દેત તો તું ભૂખી ના રહી જાત ! બિચારીનો પગ તૂટી જતો હમણાં !" ખુશ્બૂએ તરત ઊભી થઈને ખિસકોલીને વહાલથી ઊંચકીને ઝાડીમાં મૂકી આવી. બંનેનું મન ખાટું થઈ ગયું હતું. બંનેએ ચૂપચાપ ભેળ તો ખાધી પણ કોઈ સ્વાદ ના આવ્યો.

આ બાજુ રીતુએ જઈને ડ્રોઈંગ ક્લાસના સરને ગીફ્ટ પાછી આપતા કહ્યું, "સર, કાવ્યા કદાચ મારાથી નારાજ છે. આ પ્રાઈઝ તમે જ એને આપી દેશો તો એને વધારે ગમશે. મેં તો પ્રાઈઝ માટે કોમ્પિટિશનમાં ભાગ નહોતો લીધો. તમારી પાસેથી શીખવા મળ્યું એ જ મારું પ્રાઈઝ !" કહીને ટેબલ ઉપર પોતાનું ઈનામ મૂકીને રીતુ બહાર નીકળી ગઈ.





# નીરુમા સત્સંગ

**પ્રશ્નકર્તા :** જયારે બીજી પ્રકૃતિ સાથે ઈર્ષા થાય, સ્પર્ધા થાય ત્યારે સમભાવે નિકાલ કેવી રીતે કરવો ?

**નીરુમા :** ઈર્ષા કોને કોને થાય છે ? જેલસી-ઈર્ષા-સ્પર્ધા...

ઈર્ષા તો પ્રકૃતિમાં વણાયેલું હોય. સ્કૂલમાં ભણતા હોય, આપણા કરતા જેના ઓછા માર્ક આવતા હોય, કાયમ આપણા વધારે જ માર્ક આવતા હોય પણ કોઈ વાર એના વધારે આવી જાય તો આપણને એના પર ઈર્ષા આવે. આ તો મારા કરતા ડબ્બુ હતી તોય કેમ વધારે માર્ક આવી ગયા ? મારો પહેલો નંબર આવતો હતો આનો કેમ આવી ગયો ? હું બધા કરતા હોશિયાર છું તો કેમ મારી હોશિયારી ના નીકળી, આની નીકળી ગઈ ? પછી એ સામો આવે તો ગમે નહીં આપણને. ફ્રેન્ડ હોયને તોય ના ગમે. ઈર્ષા થાયને તો આપણને એ ગમે નહીં. જ્યાં સુધી ઈર્ષાભાવ મનમાંથી નીકળે નહીં ત્યાં સુધી ગમે નહીં. ઈર્ષા આપણા સરખાવાળા હોય એની જોડે થાય. કાં થોડું ડાઉન હોય કે થોડું અપ હોય તો થાય પણ બહુ હાયપર હોય તો ત્યાં ઈર્ષા ના થાય. એ જાણે કે આ આપણા જોડે પહોંચી વળવાના જ નથી કે આપણે પહોંચી વળવાના નથી. પણ જ્યાં પહોંચી વળાય એવું લાગતું હોયને ત્યાં થાય ઈર્ષા. બે બહેનો હોય, બે ભાઈ-બહેનો હોય તોય અંદરોઅંદર થાય.

**મારો પહેલો નંબર આવતો હતો**
**આનો કેમ આવી ગયો**

## જેની પર ઈર્ષા વારે વારે થયા કરેને એના પર પછી દ્વેષ થાય.

હમણાં આ બેન ના બોલી ? કે ભાઈનું ધાર્યું થાય, મારુ ધાર્યું ના થાય પપ્પા જોડે. પાછી કહે, કે ભાઈનું ધાર્યું થાય, મારુ ધાર્યું ના થાય એય ઈર્ષા. પછી ગમે નહીં. જેની પર ઈર્ષા વારે વારે થયા કરેને એના પર પછી દ્વેષ થાય. પછી એ સામો આવે ત્યારે ગમે નહીં આપણને. પછી આપણે એની જોડે વાંકુ જ બોલીએ. મહેણાં-ટોણાં બોલીએ, ઝગડા થઈ જાય, ગુસ્સો આવે એના પર એટલે ઈર્ષા બહુ ખરાબ છે. સ્પર્ધા-ઈર્ષા એમાંથી થાય. કોમ્પિટેશનમાં જ ના પડીએને. ફ્રેન્ડ્સ-ફ્રેન્ડ્સમાંય બહુ હોય. બંને ખાસ બહેનપણીઓ હોય તોય ટીચર જો આપણી બહેનપણીને વધારે ઈમ્પોર્ટન્સ આપે તોય આપણને અંદર જલન ચાલુ થઈ જાય, જેલસી થઈ જાય. પછી એ આપણી સાથે બોલવા આવે તોય આપણને ગમે નહીં. એમાં પેલી માટે ટીચરને સારું લાગતું હોય તો આપણને જલન થાય. કશું કારણ ના હોય. બહેનો-બહેનોમાંય થાય.

તમારે થાય કે અંદરોઅંદર બહેનો-બહેનોમાં ? મમ્મી આને કશું કહેતી નથી, મને તો બહુ કહે છે. ભાઈ તો બહુ વ્હાલો. આવી જેલસી મહીંથી જ થાય, આપણને જ થાય. બહારનું કારણ હોય કે ના હોય પણ આપણને જ થાય. એમાંથી નીકળવાનું બહાર. આવું આપણને ના હોય. જેને જે હોય પોતપોતાનું જ છે.

**પોતાના હિસાબ પ્રમાણે બધા લઈને આવ્યા છે અને એ પ્રમાણે બધાને મળે છે.**

# ક્રેબ મેન્ટાલિટી-2

આને આપણે કરચલાની વાર્તા સાથે કનેક્ટ કરીએ.

ડોલમાં એક કરચલો હોય તો તેના તીક્ષ્ણ પગના ટેકાથી ઉપર ચડીને ડોલની બહાર નીકળી શકે છે.

પણ જો ડોલમાં વધારે કરચલા હોય, તો બધાને ઉપર ચડવું હોય.

એટલે એક ચડવા જાય, તો બીજો એની ઉપર ચડી જાય એટલે પેલો કરચલો નીચે પડી જાય. બીજો ચડવા જાય તો ત્રીજો એને નીચે પાડી દે.



એમ કરતા કરતા ના તો કરચલો પોતે બહાર આવી શકે, ના કોઈને બહાર જવા દે.

**હું જ આગળ વધુ, બીજાને આગળ ન વધવા દઉં ! આ રોગનું નામ છે, ઈર્ષા ! જેના પરિણામે ન પોતે આગળ વધે છે, ન બીજાને વધવા દે છે !**



# ઈર્ષ્યાંના જોખમ


ખરેખર તો જેની કાચી બુદ્ધિ હોય એ જ સ્પર્ધા અને ઈર્ષ્યામાં પડે. ઊંચી બુદ્ધિવાળો તારણ કાઢી નાખે, કે ઈર્ષા કરવાથી ફાયદો શું ? નુકસાન શું ? અને ખરો બુદ્ધિશાળી એમાં ક્યારેય ના પડે.



ઈર્ષા એક મોટો અવગુણ છે. જેમાં બીજાની પ્રગતિને અટકાવવા જતા પોતાની જ પ્રગતિ ભયંકર રીતે રૂંધાય છે.



ઈર્ષા અને સ્પર્ધામાંથી વેર જન્મે છે
જે ભવોભવ ભટકાવનારું બને છે.



આપણે પણ બધા ઉપર ઈમ્પ્રેશન પાડ પાડ
કરતા હોઈએ, એટલે સામાને ઈર્ષા થાય.



અંદરખાને પોતાનો અહંકાર હોય કે, હું બધાથી આગળ છું, હોશિયાર છું ! એ અહંકારને કારણે બીજાને ઈર્ષા થાય.



કોઈ આપણાથી ઈર્ષા કરતું હોય તો તેના માટે આપણે દ્વેષ કરવો નહીં. પણ એ વ્યક્તિની અંદર રહેલા ભગવાનને યાદ કરીને પ્રાર્થના કરવી કે એમનું દુઃખ દૂર થાઓ. એમને શાંતિ થાઓ.




નિંદા એ તો અધોગતિમાં જવાની નિશાની !
કોઈની નિંદા કરો એટલે તમારે ખાતે ડેબીટ
થયું અને પેલાને ખાતે ક્રેડિટ થયું.
એવો ધંધો કોણ કરે ?

- પરમ પૂજ્ય દાદા ભગવાન



# એ કાઈપો છે !



'એ કાઈપો છે... કાઈપો છે !' બૂમો પાડતો મીત અગાશીમાં નાચવા લાગ્યો. એની પતંગ આકાશમાં ખૂબ ઊંચે ઊડી રહી હતી. એ હમેશા એમ જ માનતો કે એના પતંગની આસપાસ બીજા કોઈના પતંગ ના હોવા જોઈએ. આકાશને આંબવા જતાં કોઈ રસ્તામાં આવે તો એની પતંગ કાપી જ નાખવાની !


'છે કોઈ મારી સામે ટક્કર ઝીલી શકે તેવું ?' આસપાસની અગાશીમાં લોકોને જોતાં તે ખડખડાટ હસી રહ્યો.

'એ કાઈપો છે...!' પાછળના મકાનમાંથી મીતના કાનમાં શબ્દો પડ્યા કે મીત આકાશમાં જોવા લાગ્યો. તેના હાથમાં રહેલી દોરી ઢીલી થઈ ગઈ અને તેની પતંગ લથડિયા ખાતી તેની પહોંચથી દૂર જઈ રહી હતી. તે પોતાની કપાયેલી પતંગને પકડવા જેવો દોડવા ગયો, ત્યાં જ પલંગમાંથી નીચે જમીન ઉપર પટકાયો.

'અરે આ તો સ્વપ્ન હતું.' આંખો ચોળતા તેણે ઘડિયાળમાં જોયું. રાતનો એક વાગ્યો હતો. સતત બિઝનેસની ચિંતામાં છેલ્લા એકાદ મહિનાથી તે ઊંઘી નહોતો શકતો. રાત્રે જ ઊંઘની દવા લીધી હતી, અને કપાયેલી પતંગ પાછળ દોડવા જતા તે જાગી ગયો.

કારતક મહિનાની ઠંડી મીતને ધ્રુજાવી રહી હતી. છતાં મીત ઘરના દરવાજા ખોલી અગાશીમાં આવ્યો. ચારેબાજુ અંધારું હતું. ઠંડો પવન ફૂંકાઈ રહ્યો હતો. એણે આકાશમાં જોયું. અનેક લબકઝબક થતા તારાઓની વચ્ચે એને ધ્રુવનો તારો સ્થિર દેખાયો. એ મનોમન વિચારી રહ્યો કે,

"હું મારુ સ્થાન પણ આ ધ્રુવના તારા જેવુ સ્થિર, અડગ બનાવીશ. બિઝનેસમાં પછી મારી કોઈ તુલના જ નહીં કરી શકે, મારી કોઈ પછી સ્પર્ધા જ નહીં કરી શકે."





**મહત્વકાંક્ષા હોય અને આગળ વધવાનો નિશ્ચય હોય એમાં વાંધો નથી. પણ બીજાને તોડીને, બીજાનું પડાવીને પોતે વધારે મેળવે એ ખોટું કહેવાય.**

એ વિચાર સાથે એણે હાથમાં રહેલો પથ્થર પાર્થના ઘરની દિશામાં ફેંક્યો. રાતના અંધારામાં પણ એના ચહેરા પર ઉપસી આવેલી ગુસ્સો અને ઈર્ષ્યાની મિશ્રિત રેખાઓ જોઈ શકાતી હતી.

બીજે દિવસે ફટાફટ ફ્રેશ થઈ વહેલી સવારમાં તો ઓફિસે પહોંચી ગયો. મીતનો પતંગનો બિઝનેસ હતો. તેની પાસે ડીલરશીપ હતી. ખૂબ સારૂ કમાઈ રહ્યો હતો. કેટલાય લોકોને તે રોજગારી આપી રહ્યો હતો. પણ એટલાથી એને સંતોષ નહોતો. અમદાવાદ અને બાકીના બીજા જિલ્લાઓમાં પણ એની જ પતંગો હોવી જોઈએ, અને અમદાવાદમાં તે મોટામાં મોટો પતંગોનો ડીલર હોવો જોઈએ, તેવી મહત્વાકાંક્ષા સાથે તે તેના બિઝનેસને આગળ વધારી રહ્યો હતો. અગાઉની પોઝીશન ઉપર પરત ફરવા માટેની દોડધામ કરી રહ્યો હતો. તેની આ સ્થિતિ જોઈ તેના પિતા રામભાઈએ એક વખત કહ્યું પણ ખરું :

"મહત્વકાંક્ષા હોય અને આગળ વધવાનો નિશ્ચય હોય એમાં વાંધો નથી. પણ બીજાને તોડીને, બીજાનું પડાવીને પોતે વધારે મેળવે એ ખોટું કહેવાય. કોમ્પિટીશન હેલ્ધી હોવી જોઈએ. 'તુંય આગળ વધ ને હુંય આગળ વધું, એ અભિગમનો વાંધો નથી, દીકરા ! પણ સામાને પછાડીને...?'

જો કે, મીત પિતાની કોઈ સલાહને ધ્યાનમાં લીધા વિના, ઈર્ષ્યાની ભઠ્ઠીમાં તપતો રહ્યો. અને કેમ કરીને પાર્થના બિઝનેસના રામ રમાડી દેવા તેની ગોઠવણ કરતો રહ્યો. અને આજે તેણે એવા જ ઉદ્દેશ્યથી પતંગ બિઝનેસના નાના નાના વેપારીઓને મિટિંગમાં બોલાવ્યા હતાં. સૌ વેપારીઓ આવી ગયાની ખાત્રી કરી લઈ કહ્યું :

'તમે બધા અમારી કંપની સાથે જોડાઈ જાઓ.'

'પણ મીતભાઈ ! અમે વર્ષોથી પાર્થભાઈ પાસેથી પતંગો ખરીદીએ છીએ.' એક નાનો વેપારી કહી ઊઠયો.

'મારી સાથે જોડાશો તો તમને વધારે પ્રોફિટ મળશે, નામના મળશે. તમે જાણો જ છો કે આજે જે પોઝીશન ઉપર







**મીતે ઓફિસની બારી બહાર નજર કરી. એને પોતાની પતંગ આકાશમાં ખૂબ ઊંચે ઊડતી દેખાઈ, અને પાર્થની પતંગ કપાઈને દૂર ફંગોળાતી.**

પાર્થ છે, ત્યાં એની પહેલા હું હતો.' ચાનો ઘૂંટ ભરતા મીત કહી ઊઠ્યો.

'તમારી વાત સાચી મીતભાઈ ! પણ આમ થોડા પ્રોફીટ માટે વર્ષોના સંબંધો કેમ તોડી શકાય ?' બીજા એક વેપારીએ મીત સામું જોતાં કહ્યું. જવાબમાં મીતે કહ્યું, "થોડા દિવસોમાં જ હું પાર્થનો બિઝનેસ ખરીદી લેવાનો છું. અને અમેરીકાના એક વેપારી સાથે મારે વાત પણ ચાલુ છે. આપણો બિઝનેસ દેશ-વિદેશમાં ફેલાવવાની મારી ઈચ્છા છે." મને એક મોટી ફાઈનાન્સ કંપનીનો સપોર્ટ છે, અને ટૂંક સમયમાં આખા દેશમાં બિઝનેસ ફેલાવીશું. બોલતા થોડું અટક્યો અને મીત બારી પાસે જોઈ રહ્યો. એક ગરોળી દિવાલ ઉપર ગોળ ગોળ ફરી રહી હતી. ઓચિંતી ગરોળીએ તરાપ મારીને એક જીવડું તેના પેટમાં પધરાવી દીધું.

વેપારીઓ એકબીજા સામું જોઈ રહ્યા. મીત તે લોકોને સામ, દામ અને દંડની નીતિથી કન્વિન્સ કરતો ગયો, અને કેટલાક વેપારીઓ તેની સાથે જોડાઈ પણ ગયા, તો કેટલાક વેપારીઓ "વિચારીને જવાબ આપીશું" એમ કહીને ત્યાંથી ચાલ્યા ગયા. મીતે ઓફિસની બારી બહાર નજર કરી. એને પોતાની પતંગ આકાશમાં ખૂબ ઊંચે ઊડતી દેખાઈ, અને પાર્થની પતંગ કપાઈને દૂર ફંગોળાતી. આ કાલ્પનિક દૃશ્ય ખડું કરીને તે જોર જોરથી હસી રહ્યો.

મીત હંમેશા બિઝનેસમાં ટોપ ઉપર રહેતો. કેટલાક વર્ષો સુધી તેની કંપની ફસ્ટ રેન્ક ઉપર રહેવાથી 'કાઈટ એસોસિયેશન અને અન્ય મોટા ગ્રુપો દ્વારા તેને માન-સન્માન, પ્રમાણપત્રો, એવોર્ડ્સ મળતા રહ્યા. પણ છેલ્લા ત્રણ-ચાર વર્ષોથી તેના આ બિઝનેસને ધક્કો લાગ્યો હતો. તેનો જ મિત્ર પાર્થ ટોપ પર આવી ગયો હતો. દેશવિદેશમાં તેની પતંગોની બોલબાલા જોઈ, બાર-બાર વહાણ જાણે મધદરિયે ડૂબી ગયા હોય એવી લાગણીમાં મીત પીસાતો રહ્યો. અને પાર્થ સાથે બોલવાનો પણ વ્યવહાર રાખ્યો નહોતો.

રાત્રે મીત ઘરે પહોંચ્યો ત્યારે તેના પિતા રામભાઈ તેની જ રાહ જોઈ બેઠા હતાં. રામભાઈએ પતંગના બિઝનેસમાંથી નિવૃત્તિ લીધી હતી અને મીતને બિઝનેસ સોંપ્યો હતો. મીતે પતંગનો બિઝનેસ પોતાની આવડત અને







**પોતાનો બિઝનેસ સારો એવો ચાલતો હતો, પણ એનાથી એને સંતોષ નહોતો. બસ, કઈ રીતે પાર્થને ટપીને પોતે આગળ નીકળી શકે એની જ પેરવીમાં હતો.**

સૂઝ-સમઝને કારણે ઘણો વિસ્તાર્યો હતો. કેટલાય વર્ષો સુધી ટોચ ઉપર રહ્યો. અને આમેય પતંગનો બિઝનેસ આખા ભારતમાં જ નહીં, પણ આખા વિશ્વમાં અમદાવાદ પ્રથમ ક્રમે આવતું હતું.

પણ જ્યારથી પાર્થે આ બિઝનેસમાં પગ જમાવ્યો, ત્યારથી મીતની ઊંઘ હરામ થઈ ગઈ હતી. રોજ ઉઠીને તેનું લક્ષ પાર્થ કઈ રીતે બિઝનેસ વધારે છે, કઈ ડીલ કરે છે, શું ટેકનોલોજી અપનાવે છે, કેવા લોકોને નોકરીમાં લે છે, તેના ઉપર સતત રહેતું. પોતાનો બિઝનેસ સારો એવો ચાલતો હતો, પણ એનાથી એને સંતોષ નહોતો. બસ, કઈ રીતે પાર્થને ટપીને પોતે આગળ નીકળી શકે એની જ પેરવીમાં હતો. હજુ પણ પોતાનો બિઝનેસ વિસ્તારી, ઓછા સમયમાં ફરીથી ટોચનું સ્થાન કઈ રીતે હાંસિલ કરી શકાય, તેના દાવપેચમાં લાગ્યો રહેતો. તેની આ વાતથી તેના પિતા અજાણ નહોતા. તેથી તેઓ ચિંતિત હતા, દુ:ખી હતા અને ક્યારેક સમય જોઈ શિખામણના બે બોલ પણ કહેતા.

પણ હવે તો મીતે હદ વટાવી હતી. બેન્કોમાંથી વધારે પડતી લોન લઈ બીજાના બિઝનેસને ખરીદી રહ્યો હતો. જેની તેમને કોઈ જરૂરિયાત જણાતી નહોતી. મીતને આજે પાસે બેસાડી તેની સાથે આ વિષે વાત કરવાનું નક્કી કર્યું હતું માટે રાહ જોતા બાલ્કનીમાં બેઠા હતા.

મીત ઘરે આવ્યો. જમીને હાથમાં રીમોટ લઈ ટી.વી. ચાલુ કર્યું ત્યાં જ રામભાઈએ બાલ્કનીમાંથી બૂમ પાડી. 'બેટા મીત ! અહીં આવ જોય...' મીત બાલ્કનીમાં રામભાઈ સામે મૂકેલી ખાલી ખૂરશીમાં બેઠો. રામભાઈએ તેની સાથે બિઝનેસ અંગે થોડી ઔપચારિક વાતો કરી. પછી કહ્યું, "આખા અમદાવાદમાં પતંગના પાંચ પ્રતિષ્ઠિત વેપારીઓમાં આપણી પણ ગણના થાય છે. આપણે સારું એવું કમાઈ રહ્યા છીએ, કોઈ વાતે આપણે દુ:ખી નથી, તો તું શું કામ ખોટી ચિંતાઓમાં ફરે છે ?"

"ડેડી, ચિંતા તો થોડી કરવી પડે. તમારો જમાનો અલગ હતો અને આ જમાનો અલગ છે." મીત રામભાઈ સામે જોતાં કહી રહ્યો. "કેમ વળી આ જમાનો કેવી રીતે અલગ





**એક વિજ્ઞાન સમજી લે કે તું જ્યારે સામાના વિશે નેગેટિવ બોલીશ કે, 'એ પડે તો સારું, એનું બધું ખલાસ થાય, એના બિઝનેસમાં નુકશાન થાય' ત્યારે નુકશાન ખરેખર પોતાનું જ થશે.**



છે ? મને તો બધુ સરખું જ દેખાય છે !" કહેતા રામભાઈએ જોયું કે સોસાયટીના છોકરાઓ દિવાળી પછી રહી રહીને ફટાકડા ફોડી રહ્યા હતા.

"હું બિઝનેસમાં મારા સિવાય કોઈ બીજાને નંબર વન ઉપર નથી જોઈ શકતો." મીત એકીશ્વાસે બોલી ઊઠ્યો. "હા, બરાબર છે; પણ એના ક્લાયન્ટને ડરાવી, ધમકાવીને તું પોતાના બિઝનેસમાં જોડે, બીજાના ધંધા-રોજગાર છીનવી લે, પડાવી લે, તો કેવી રીતે આગળ વધી શકીશ ?" રામભાઈના અવાજમાં આક્રોશ હતો.

તેમણે આગળ કહ્યું,"બેટા ! એક વિજ્ઞાન સમજી લે કે તું જ્યારે સામાના વિશે નેગેટિવ બોલીશ કે,'એ પડે તો સારું, એનું બધું ખલાસ થાય, એના બિઝનેસમાં નુકશાન થાય' ત્યારે નુકશાન ખરેખર પોતાનું જ થશે. પણ જ્યારે તું એમ બોલે કે, 'એ ખૂબ આગળ વધે, ખૂબ પ્રગતિ કરે' ત્યારે ખરેખર પોતાની જ પ્રગતિ થશે." આટલું કહીને રામભાઈ અટક્યા, સહેજ પાણી પીધું. ગ્લાસ ટીપોઈ પર મૂક્યો. પછી મીત સામું જોતા બોલ્યા, "બેટા ! એ તારાથી આગળ થઈ ગયો, અને તું રાતોરાત એનાથી આગળ નહીં નીકળી શકે, એટલે ઈર્ષ્યાના માર્યા તે અવળો રસ્તો અપનાવ્યો છે. એને બદલે તું પાર્થની કુશળતાને વધાવ, એની પાસેથી બે ટીપ્સ લે, દિલથી એની પોઝિટિવ વાતો લોકોમાં કર. કાયમ, બીજાનું પોઝિટિવ બોલીએ તો આપણી કિમંત વધી જાય, આ સાયન્સ છે બેટા."

બાલ્કનીમાંથી બેઠા બેઠા રામભાઈએ જોયું કે એક છોકરો ઊંચે આકાશમાં રોકેટ છોડી રહ્યો હતો. પણ બોટલમાં મૂકેલું રોકેટ ત્રાંસુ હતું. તે ઊંચે આકાશમાં જવાને બદલે કોઈનું ઘર સળગાવશે, કોઈને ઈજા કરશે એની ચિંતાનાં ભાવ એમના ચહેરા પર ઉપસી આવ્યા.

'એટલે હું સમજ્યો નહીં' મીતને પ્રશ્ન થયો.

'પાર્થની બરોબરી કરવા તે એમના કારીગરો, એમના વેપારીઓને લોભ-લાલચ આપી અને એમનું બાકીનું પેમેન્ટ પણ ના કર્યું.' કહેતા રામભાઈ બોલ્યા, 'બેટા ! બિઝનેસમાં સ્પર્ધા હોય, અને એ તો રહેવાની... પણ એ હેલ્ધી હોવી જોઈએ ! કોઈની ઈર્ષા કરીને, એના માટે કપટ કરી આગળ







**'બેટા ! કુદરત બહુ ન્યાયી હોય છે !' બોલતા બોલતા તેમના ચહેરા ઉપર અંધારું ઉતરી આવ્યું.**

વધીએ તો કુદરત તેનો બદલો પણ તે જ રીતે આપે છે. મહત્વાકાંક્ષાનો વાંધો નથી પણ અસંતોષની ભૂખ ખોટી વસ્તુ છે. એવી ઈચ્છા હોય કે, 'કેવી રીતે મને મળે. પણ તારી પાસે જે છે એય મને મળે, તારું ઓછું થાય ને મને વધારે મળે', એ તો અસંતોષની ભૂખ છે દીકરા !", તમારી આ ફિલોસોફીકલ વાતો મારી સમજ બહારની વાત છે. આવી વાતોનો કોઈ અર્થ નથી. અને આ તો આજના બિઝનેસનો એક ભાગ છે.' 'દીકરા, કોઈને રડાવીને આપણે હસી શકતા નથી.' કહેતા રામભાઈ મીતને પૂછી રહ્યા, 'મને એક પ્રશ્નનો જવાબ આપીશ ?'

'હા, બોલો.......' મીત બગાસું ખાતા બોલ્યો.

'કોઈ વાવમાં જઈને તું એમ બોલે કે, 'તું ચોર છે', તો વાવ શું કહેશે ?'

'સિમ્પલ છે ડેડી, એનો જ પડઘો પડશે, 'તું ચોર છે.'

"અને તું એમ કહે કે, 'તું પછડાય, આગળ ન વધે' તો વાવ પણ એમ જ કહેવાની છે ને કે, 'તું પછડાય, આગળ ન વધે.' આ સિમ્પલ વાત તું સમજે તો સારું.' રામભાઈને લાગ્યું કે પોતે મીતને સમજાવવાથી, કહેવાથી તે વાત માની લેશે. પણ તેનાથી ઉલટું મીતે કહ્યું,

'ડેડી, તમે મને બિઝનેસ કેમ કરવો તે ના સમજાવો તે સારું છે !' આ વાત સાંભળી રામભાઈ સ્તબ્ધ બની ગયા. એકેય શબ્દ બોલી શક્યા નહીં. બાલ્કનીમાં અંધારું ઊતરી આવ્યું હતું. ખુરશીમાંથી ઊભા થતા એટલું જ બોલી શક્યા, 'બેટા ! કુદરત બહુ ન્યાયી હોય છે !' બોલતા બોલતા તેમના ચહેરા ઉપર અંધારું ઉતરી આવ્યું. એ ઊભા થયા. આકાશ તરફ નજર કરી. એક પંખી એકલું ઊંચે ઊડી રહ્યું હતું. વિપરિત હવા સામે ઉડવાનો તે સંઘર્ષ કરી રહ્યું હતું. તેની શક્તિ વેડફાતી જોઈ, દુઃખી થતા રામભાઈ સૂવા ચાલ્યા ગયા.

થોડા દિવસો વીત્યા. મીતે મોટી બેન્કોમાંથી મોટી મોટી લોનો ઉપાડવાનું ચાલુ કર્યું. ગોડાઉન ભાડે રાખ્યા. આખા માર્કેટમાંથી પતંગો ઉઠાવી. ગોડાઉન ભર્યા. માર્કેટમાં પતંગોની

કૃતિમ અછત ઊભી કરી, અને ભાડાના માણસો દ્વારા પાર્થના ગોડાઉનમાં આગ લગાડવાનું કાવતરું ઘઢી કાઢ્યું.

માગસર માસના પાછલા દિવસો પસાર થઈ રહ્યા હતા. પોષ મહિનો દરવાજે જ ઊભો હતો. આકાશમાં હવે





એકલા મીતની પતંગ ખૂબ ઊંચે ઊડવા તૈયાર થઈ રહી હતી. ત્યાં જ વહેલી સવારે કમોસમી વરસાદે સપાટો બોલાવ્યો. આકાશમાં કાળા ડીબાંગ વાદળા પતંગ બની ઊડી રહ્યા હતા. મીત ઓફીસ જવાને બદલે આખો દિવસ ઘરમાં બેસી રહ્યો. કમોસમી વરસાદના સમાચાર ટી.વી.માં જોતો રહ્યો. રાત્રે તે સૂવા જતો હતો ત્યાં જ એની ઓફીસમાંથી ફોન આવ્યો, “મીત સર, મોટાભાગના ગોડાઉનમાં પાણી ભરાયા છે !” આ સમાચાર સાંભળતા જ મીતને ધ્રાસકો પડ્યો. જેમતેમ કરીને ગોડાઉને પહોંચ્યો. જોયું તો મોટાભાગની પતંગો પાણીમાં ડૂબી ગઈ હતી. પાણીમાં ડૂબેલી, ફાટેલી પતંગો જોતાં જ એની આંખોમાંથી આંસુ દોડી આવ્યા. તેને મનમાં જ ડેડીના શબ્દોનું સ્મરણ થયું, “બેટા ! એક વિજ્ઞાન સમજી લે કે તું જ્યારે સામાના વિશે નેગેટિવ બોલીશ કે, ‘એ પડે તો સારું, એનું બધું ખલાસ થાય, એના બિઝનેસમાં નુકશાન થાય’ ત્યારે નુકશાન ખરેખર પોતાનું જ થશે.”

**મીતને પોતાની ભૂલ સમજાતી હોય એમ ત્યાં જ પાણીમાં બેસી પડ્યો. ઊંચે આકાશમાં જોયું તો ક્યાંય એની પતંગ દેખાતી ન્હોતી. દૂર દૂરથી અવાજ આવી રહ્યા હતા, “એ કાઈપો છે... એ કાઈપો છે.” મીત બંને હાથથી કાન દબાવી, પતંગો વચ્ચે ક્યાંય સુધી બેસી રહ્યો.**





# જ્ઞાની વિથ યુથ

**પ્રશ્નકર્તા :** મારો કોઈ ભાઈબંધ કોઈ વસ્તુમાં મારાથી આગળ વધી જાય, આઉટપુટ વધારે મેળવી લે, તો મને એનાથી જેલસ થાય છે.

**પૂજ્યશ્રી :** હવે જેલસમાં કોણે તને દુઃખ આપ્યું ? આપણી જ બુદ્ધિ ઉપડે છે ને ? આપણી જ અણસમજણ છે ને ? એટલે એવી જેલસ નહીં રાખવાની. અપ્રીશિએટ કરવાનું કે કેટલો સરસ પુણ્યશાળી છે ! કેટલી સરસ આવડત છે ! કેટલી સરસ શક્તિ છે ! કેટલો સરસ આગળ વધ્યો ! સૌ આવા આગળ વધો. સારી ભાવના કરવાની તો આપણામાં ગુણ પ્રગટ થશે.

**પ્રશ્નકર્તા :** મારા ભાવ બહુ બગડે છે, કોઈ મારાથી આગળ જતું રહે તો.

**પૂજ્યશ્રી :** કોઈ વખત હાઈવે પર ગાડીઓ જોઈ છે કે ? આપણી ગાડી ચાલતી હોય તો એની આગળ ગાડીઓ ગયેલી હોય તે દિવસે ? આપણી ગાડી ચાલતી હોય એ પછીના દિવસોમાં ગાડી આવશે ખરી ? તો કોની પર ભાવ બગાડવાની જરૂર છે ? આપણે આપણા ધ્યેય પ્રમાણે ચાલોને. આપણે મુંબઈ જવું તો ગાડી ચલાવ્યા કરો. લાખો ગાડીઓ આપણી આગળેય ગઈ, આપણી પછી પણ લાખો ગાડી આવ્યા જ કરશે હાઈવે ઉપર. આ સંસાર છે. આગળ ગયા એની પર દ્વેષ કરાતો હશે ? આપણે જવા દેવાનો કે તારા ધ્યેય પ્રમાણે તું આગળ વધ. મારા ધ્યેય પ્રમાણે હું આગળ વધુ. અને એ શાંતિથી સેફલી આગળ વધે. કે એક્સિડન્ટ થાયને મરી જાય તો સારું ? આપણે શું ભાવના કરવી જોઈએ ?





# જ્ઞાની વિથ યુથ

**પ્રશ્નકર્તા :** એ શાંતિથી...

**પૂજ્યશ્રી :** હં, સેફલી પહોંચે એની ઘરે, એના મા-બાપ રાહ જોતા હશે, એની વાઈફ-છોકરાં રાહ જોતા હશે. સારી રીતે પહોંચી જા. આપણે પ્રાર્થના કરાય કે ના કરાય ? એવું આય આપણા કામમાં કે વ્યવહારમાં જ્યાં માણસો ભેગા થાય છે ત્યાં આપણે અપ્રીશિએટ કરીયે કે એ સારું કરે છે, સેફલી આગળ વધ, હું પણ સેફલી આગળ વધુ છું. અપ્રીશિએટ કરવાનું પણ દ્વેષ નહીં કરવાનો, જેલસ નહીં રાખવાની. એવી જેલસ રાખીએ તો આપણને અંતરાય પડે. આપણા ગુણ બધા તૂટી જાય પછી અને અપ્રીશિએટ કરો તો આપણામાં ગુણ પ્રગટ થાય. સારી વસ્તુના ગુણ પ્રગટ થાય તો સારુંને !

**પ્રશ્નકર્તા :** બીજી વાર ભાવ ના બગડે એવી શક્તિ આપો.

**પૂજ્યશ્રી :** નિશ્ચય રાખજે તું. સમજી લઈશ તો ભાવ નહીં બગડે પછી.



# કવિતા

જેનું જીવન છે, પારકાને આપી દેવાનું...
પછી એને રહેતું નથી, માંગીને લેવાનું...

સુખનું તો સાવ, સીધું સાદું રહસ્ય છે...
જે સામાને આપે, એને સુખ પ્રાપ્ય છે...

પર કાજ જીવે, અંતર શીતળતા રહે...
ન મળે છો, બહારના ઉપાય લાખ કરે...

જ્ઞાનીઓના જગ કાજ, ભવો ગયા છે...
મોક્ષ હતો હાથમાં, તોય અહીં રહ્યા છે...

શરુઆત સેવાની, માતા-પિતાથી કરો...
પછી બધુંજ લગાવીને, જ્ઞાનીને ટેકો ધરો..

દાદાના યુવાનો દ્વારા